આંક–૬

**મે.મજુર અદાલત, અમદાવાદના પ્રિસાઈડિંગ ઓફિસર શ્રી એચ.કે.મેરીયા સાહેબ સમક્ષ**

**રેફરન્સ (D) નંબર :૧૦૭/૨૦૨૦**

પ્રથમ પક્ષકાર : મેનેજરશ્રી, સુવીક ઈલેકટ્રોનીકસ પ્રા.લી.,
૧૦૨/એ, જી.આઈ.ડી.સી., એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર–૨૮,
ગાંધીનગર

**વિરૂધ્ધ**

બીજા પક્ષકાર : મંત્રીશ્રી, અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ
બીજો માળ, અરબ ચેમ્બર્સ,
પથ્થરકુવા પેટ્રોલ પંપ સામે, રીલીફ રોડ,અમદાવાદ.

હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે : શ્રી એસ.બી.મિશ્રા
બીજા પક્ષકાર તરફે : શ્રી વી.કે.કાઝી

**–:: એ વો ર્ડ ::–**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''**સામાવાળા**'' અને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામના અરજદારે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ આઈ.ડી.સી.એ.જે કેસ નં.૫૪/૨૦૨૦ દાખલ કરેલ હતો, જે કન્સીલેશન કાર્યવાહીમાં સમાધાન નહી થતાં મદદનીશ શ્રમઆયુકતશ્રી ધ્વારા અનુસુચિ સાથે સદર ડીમાન્ડ અત્રેની કોર્ટમાં ન્યાય નિર્ણય સારૂ રીફર કરેલ છે. અરજદારે હાલના કામે આંક–૪ થી માંગણા નિવેદન રજુ કરેલ છે.

(૩) ઉપરોકત વિગતે અત્રેની કોર્ટમાં આ ઔદ્યોગીક વિવાદ ન્યાય નિર્ણય અર્થે સુપ્રત થતાં રેફરન્સ ડીમાન્ડ કેસ તરીકે દાખલ થયેલ અને હાલના કેસમાં સામાવાળા તરફેથી જવાબ રજુ કરવાના તબકકે મુલ્તવી હોય ત્યારે અરજદારના વિ.પ્ર

.શ્રીએ તેઓની સહીથી આંક–૮ થી  વિડ્રો પુરસીસ રજુ કરીને એવી હકીકત જણાવે છે કે  પક્ષકારો વચ્ચે કોર્ટ બહાર સુખદ સમાધાન થઈ ગયેલ હોય કેસ આગળ ચલાવવા માંગતા ન હોય સદર કેસ પાછો ખેંચે છે. આમ આ કામે અરજદાર તરફેથી રજૂ કરેલ વિડ્રો પુરશીશ મુજબ સદરહુ કેસ લોક–અદાલતમાં ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

(૪) લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૧૩/૦૮/૨૦૨૨
સ્થળ  : અમદાવાદ.

(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)
CODE : GJ01279
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.